અપીલ અરજી નં.૩૭૩ તા.૮–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ –શ્રીજસવંતસિંહ એ.બ્રહમભટ્ટ
સામાવાળાઃ–ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન),
એડી.સીટી. ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૭–૯–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) હિલ્લોક પ્રાયમરી સ્કુલની બાજુમાં સાબરીનગર ભરીમાતા રોડ સુરત, એપાર્ટમેન્ટમાં નીચે વ્યવસાયીક ઉપયોગ હેતુથી શટલવાળી દુકાનો બનાવેલ છે તથા આ ઈમારત ઉપર ત્રીજા માળનું (G+3)નું બાંધકામ ચાલુ છે જેની સંપૂર્ણ કાયદેસરતા જેવીકે વિકાસ પરવાનગી આપેલ છે કે કેમ ? તથા ન આપેલ હોય તો આપના તંત્ર ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આપવી તથા કાર્યવાહી ન કરવામાં આવેલ હોય તો ડે.ઈજનેર તથા શહેર વિકાસ અધિકારીની તેમાં શી જવાબદારી બને છે તથા તેઓના નામ સહિતની વિગતો આપવી વિ.મુદૃા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૭૩/૨૦૧૧–૧૨

શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટની તા. ૨૭–૯–૧૧ની અરજીથી મુદૃા નં.(૧) હિલ્લોક પ્રાયમરી સ્કુલની બાજુમાં સાબરીનગર ભરીમાતા રોડ સુરત,એપાર્ટમેન્ટમાં નીચે વ્યવસાયીક ઉપયોગ હેતુથી શટલવાળી દુકાનો બનાવેલ છે તથા આ ઈમારત ઉપર ત્રીજા માળનું(G+3)નું બાંધકામ ચાલુ છે જેની સંપૂર્ણ કાયદેસરતા જેવી કે વિકાસ પરવાનગી આપેલ છે કે કેમ ? તથા ન આપેલ હોય તો આપના તંત્ર ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આપવી તથા કાર્યવાહી ન કરવામાં આવેલ હોય તો ડે.ઈજનેર તથા શહેર વિકાસ અધિકારીની તેમાં શી જવાબદારી બને છે તથા તેઓના નામ સહિતની વિગતો આપવી વિ.મુદૃા નં.(૧)થી (૨)ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ધ્વારા કોઈ માહિતી કે નિર્ણય મળેલ નથી તથા એડી.સીટી ઈજનેર (સીવીલ)અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. નોર્થ ઝોન/આઉટ/નં.૫૧૨૮ તા. ૨૪–૧૦–૧૧થી ગોળગોળ પાયાવિહોણો બેબુનિયાદ જવાબ મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદૃા અંગે પણ આપનો પક્ષ રજુ કરવા તથા બાબત હેઠળની માહિતીની સ્થળ સ્થિતિ ટી.પી. પ્રોગ્રામ , વેબ કે કિયાસ્ક પરથી મેળવી શકાય તેમ છે કે કેમ ? સ્થળ પર જોગવાઈ અનુસાર વિગતો ડિસ્પ્લે થાય છે કે કેમ ? તેની વિગત સહ બાબત અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૬૯ તા. ૧૫–૧૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) તથા એડી.સીટી. ઈજનેર(સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને તેમજ અરજદારને ઝોન, કચેરી કે સીવીક ખાતે ટી.પી. પ્રોગ્રામ ધ્વારા સ્થળ, સર્વે નં., ફા.પ્લોટ નં. મેળવવા પ્રયત્ન કરેલ કે કેમ ? તે વિગતો સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પુરક વિગતો અત્રે મળેલ નથી જયારે અરજદાર તરફથી પાઠવેલ પુરક પત્રમાં પ્રત્યુત્તર પાઠવેલ તા.૨૩–૧૧–૧૧ નો પત્ર મળેલ છે.

અરજદારની તા. ૨૭–૯–૧૧ની અરજીથી હિલ્લોક પ્રાયમરી સ્કુલની બાજુમાં સાબરીનગર ભરીમાતા રોડના બાંધકામ બાબતે મુદૃા નં.(૧)થી (૨)ની માહિતી માગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદૃા નં.(૧)) હિલ્લોક પ્રાયમરી સ્કુલની બાજુમાં સાબરીનગર ભરીમાતા રોડ સુરત, એપાર્ટમેન્ટમાં નીચે વ્યવસાયીક ઉપયોગ હેતુથી શટલવાળી દુકાનો બનાવેલ છે તથા આ ઈમારત ઉપર ત્રીજા માળનું (G+3)નું બાંધકામ ચાલુ છે જેની સંપૂર્ણ કાયદેસરતા જેવી કે વિકાસ પરવાનગી આપેલ છે કે કેમ ? તથા ન આપેલ

હોય તો આપના તંત્ર ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો આપવી તથા કાર્યવાહી ન કરવામાં આવેલ હોય તો ડે.ઈજનેર તથા શહેર વિકાસ અધિકારીની તેમાં શી જવાબદારી બને છે તથા તેઓના નામ સહિતની વિગતો આપવી તથા મુદ્દા નં.(૨) સેન્ટ્રલઝોન ધ્વારા તા. ૧–૮–૧૦થી આજદિન સુધી ગેરકાયદેસર બાંધકામ ધારકોને આપેલ નોટીસો તથા તે સંદર્ભે કાર્યવાહી કરવામાં આવેલ હોય તેની નકલો સહિતની માહિતી આપવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થ ઝોન/આ.નં./૫૧૨૮ તા. ૨૪–૧૦–૧૧થી "તમોએ જણાવેલ પ્રશ્નવાળી જગ્યાનો કયા સર્વે નં.,કયા ફા.પ્લોટ નંબરમાં સમાવેશ થાય છે તથા તેનો કયા ચોકકસ પ્લોટ નંબરની માહિતી જોઈએ છે તે અંગેની સ્પષ્ટતા કરેલ નથી. જે સ્પષ્ટતા કર્યેથી ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ માહિતી આપવામાં આવશે." તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે કતારગામઝોન તરફથી પત્ર નં. ૫૧૨૮ તા. ૨૪–૧૦–૧૧ના નિર્ણયથી નારાજ થઈ તથા સેન્ટ્રલઝોન ખાતે કોઈ માહિતી કે નિર્ણય નહીં મળવાથી તા. ૮–૧૧–૧૧ના રોજ અપીલ અરજી કરેલ છે. કતારગામઝોનનો આપેલ જવાબ ગોળગોળ, પાયાવિહોણો અને બેબુનિયાદ હોવાનું તથા સ્થળ ઉપર ડિસ્પ્લે કરવાની જવાબદારી હોવાની રજૂઆત કરેલ છે. તેમજ સેન્ટ્રલઝોન અંગે પુરક વિગતોમાં માહિતી જવાબદાર અધિકારીઓ પાસે હોવા છતાં માહિતી આપેલ નથી કે પ્રત્યુત્તર આપેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) તરફથી અરજદારને કોઈ પણ માહિતી પુરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮, ૯ કે ૧૧હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૭–૯–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અન અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામા આવે છે. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી આપેલ માહિતીની સ્પષ્ટતા કરી અરજદાર માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન),એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ....જાણ તથા અમલ માટે....
(૨) શ્રી જસવંતસિંહ એ. બ્રહમભટ્ટ